# કેલિફોર્નિયાનાં સિલિકોન વેલીમાં શ્રીમચકૃષ્ણ ધામના શ્રીજી કૃપા મહોત્સવમાં સુપરિચિત પત્રકાર-કટારલેખક શ્રી પ્રવીણ દેસાઇ અંકિત શ્રીનાથદ્વાર સચિત્ર પુસ્તિકાનું વિમોચન







(તસ્વિરો: શશિ દેસાઇ)

ઉપરોક્ત તસ્વિરોમાં વૈષ્ણવાચાર્ય પૂ.પા.ગો. ૧૦૮ શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રી તથા પૂ.પા.ગો.૧૦૮ શ્રી ઇન્દિરાબેટીજી મહોદયા સમક્ષ શ્રીનાથદ્વાર સચિત્ર પુસ્તિકા અર્પણ કરતા શ્રીમતી પ્રમીલાબેન પ્રવીણ દેસાઇ. પૂ.પા.ગો.૧૦૮ શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રી તથા પૂ.પા.ગો.૧૦૮ શ્રી ઇન્દિરાબેટીજી મહોદયા શ્રી પ્રવીણ દેસાઇ સંકલિત શ્રીનાથદ્વાર સચિત્ર પુસ્તિકા અંગેની સમીક્ષા કરતા નજરે પડે છે. તેમની સાથે શ્રીમતી પ્રમીલા દેસાઇ દ્રશ્યમાન થાય છે તથા શ્રીનાથદ્વાર સચિત્ર પુસ્તિકાના વિમોચન બાદ બે-એરિયા યુવા વૈષ્ણવ પરિવારના શ્રીમચકૃષ્ણ ધામમાં ગોસ્વામી બાલકો પૂ.પા.ગો.૧૦૮ શ્રી ઇન્દિરાબેટીજી મહોદયા પૂ.જીજી તથા વડોદરાની શ્રી કલ્યાણરાયજી હવેલીના પષ્ઠપિઠાધિશ્વર શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રી આરતી ઉતારતા દ્રશ્યમાન થાય છે.

(પ્રતિનિધિ દ્વારા સાનહોઝે/કેલિફોર્નિયા): બે-એરિયા યુવા વૈષ્ણવ પરિવાર-બે-વીપીના ઉપક્રમે શુક્રવાર ૩૦ મેથી ૧ જૂન, ૨૦૦૮ના ત્રણ દિવસ દરમિયાન કેલિફોર્નિયાની જગપ્રસિધ્ધ વિજ્ઞાન નગરી સિલિકોન વેલીના ૨૫,કોર્નિંગ એવન્યુ, મિલપીટાસ ઉપનગર ખાતે સૌ પ્રથમ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ હવેલી શ્રીમયકૃષ્ણ ધામની વિધિસર સ્થાપના થઇ છે. પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાયના વડોદરા નિવાસી દિગ્ગજ આચાર્યચરણો પૂ.પા.ગો. ૧૦૮ શ્રી ઇન્દિરાબેટીજી મહોદયા-પૂ.જીજી તથા શ્રીકલ્યાણરાયજી હવેલીનાં ષષ્ઠપિઠાધિશ્વર શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રીના સાનિધ્યમાં શ્રીજીકૃપા મહોત્સવ હર્ષોલ્લાસ, ભક્તિભાવે દબદબાભેર ઉજવવામાં આવ્યો હતો. એ પ્રસંગે આચાર્યચરણો હસ્તક ત્રિવિધસ્વરૂપ શ્રીનાથજી, શ્રી મહાપ્રભુજી અને શ્રી યમુનામહારાણીજીના વિરાટ તૈલચિત્રોના અનાવરણ, પુષ્ટિપ્રતિષ્ઠા દ્વારા સાન ફ્રાન્સિસ્કો અખાતી તટવર્તી વિસ્તારમાં સૌ પ્રથમ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ હવેલીની સ્થાપનાનું દિવ્ય નિર્માણકાર્ય સંપન્ન થયું હતું. આ ટાંકણે આ વિસ્તારમાં વસતા હજારો ભાવિકોની વચ્ચે શહેરના આગેવાન વ્યવસાયિકો, અગ્રણી સમાજસેવકો તથા શહેરના સરકારી પદાધિકારીઓની ખાસ ઉપસ્થિતિ ધ્યાનાકર્ષક રહી હતી.

એ અમૂલ્ય અવસરે છેલ્લાં આઠ વરસથી કેલિફોર્નિયાને ઘર બનાવી આવી વસેલા સુપરિચિત પત્રકાર કટારલેખક શ્રી પ્રવીણ દેસાઇ અંકિત, અલભ્ય રંગીન ફોટાઓ, ઐતિહાસિક પ્રમાણિત માહિતીસંગ્રહ સમાન શ્રીનાથદ્વાર સચિત્ર પુસ્તિકાની વિમોચન વિધિ તેમના સમગ્ર પરિવારની ઉપસ્થિતિમાં બન્ને ગોસ્વામી બાલકોના કરકમલ હસ્તક થઇ હતી.

પ્રાસંગિક માહિતીદર્શક ઉદ્દબોધનમાં શ્રી પ્રવીણભાઇએ ભાવવાહી શબ્દોમાં પાશ્ચાત્ય સંસ્કારો વચ્ચે પાંગરતી યુવા પેઢીની સમસ્યામાં બે-એરિયા યુવા વૈષ્ણવ પરિવાર-બે-વીપીના માધ્યમની અગત્યતાને નિરૂપતા તેમનો સ્વાનુભવ વર્ણવ્યો હતો.

હું જ્યારે આફ્રિકાના ગામડામાં એરેબિક સંસ્કાર હેઠળ ઇટાલિયન પ્રાથમિક શાળામાં ભણતો હતો ત્યારે પિતાજી વહેલી સવારમાં ઉઠાડીને ગણિતના પાળા અને ગુજરાતી બારાખડી ગોખાવતા અને ઘૂંટાવતા હતા. મરજાદી નહતા તો પણ ઘરના દરેક વ્યવહારમાં સાંપ્રદાયિક શિસ્ત અને મર્યાદાઓના ચૂસ્ત આગ્રહી હતા. મને યાદ છે ત્યાં સુધી અમે નાના હતા ત્યારે બહારની બ્રેડ અને મિનરલ પાણીની બોટલનું પાણી પીવાની મનાઇ હતી. આફ્રિકામાં ગમે તેવો સમય કે બહારનો કાર્યક્રમ હોય તો પણ વહેલાં ઉઠીને સેવા ઉપાસનાને ક્ષીણ કરી નહતી બલ્કે પુષ્ટિમાર્ગને એમને બરાબર પુષ્ટ કરી હતી. આજે ૬૭ વર્ષની ઉંમરે અહીં પરદેશમાં પાશ્ચાત્ય સંસ્કારો વચ્ચે ઉછરતા મારા બન્ને પુત્રો રવિ અને શશિ અને તેમના બાળકો અસલ શ્રીકૃષ્ણના વાછરડા જેવાં ચપળ અને પુષ્ટિમાર્ગને અનુસરનારા લાગે છે એનું કારણ ઘરની પારંપારિક ધાર્મિક આચારસંહિતાના માર્ગદર્શક અમારા વડીલોની સમુદાર કેળવણીને આભારી છે.

જીવન વ્યવહારમાં અંગ્રેજી ઉત્તમ છે. પરંતુ સંસ્કાર અને સંસ્કૃતિનું પોષણ માતૃભાષાના માધ્યમથી જ થવાનું. આપણા પારંપારિક સંસ્કારો માટેનો મજબૂત અડીખમ સેતુ આપે જ છીએ. સદભાગ્યે એ બે સેતુની મધ્યમાં બે-એરિયા યુવા વૈષ્ણવ પરિવાર જેવી હિતચિંતક સંસ્થાનું નિર્માણ થયું છે. એવાં સેતુને ગોલ્ડન ગેટ બ્રિજ જેવો ભવ્ય અને ઐતિહાસિક દરજ્જો આપવાનું કઠીન કાર્ય આપણા ખભા પર છે.

મુંબઇના ભૂલેશ્વર, ત્રીજા ભોઇવાડા સ્થિત સુપ્રસિધ્ધ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ હવેલીમાં બિરાજતા ગો.વા.પૂ.પા.ગો.૧૦૮. શ્રી ગોપીનાથજી મહારાજશ્રીના સાનિધ્યમાં સન ૧૯૭૪માં શ્રી પ્રવીણભાઇ દેસાઇને વૈષ્ણવોના તીર્થધામ શ્રીનાથદ્વારામાં દિવાળી પર્વની ઉજવણીમાં સામેલ થવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું. આપશ્રીના સહયોગે અને અનુમોદનથી સૌ પ્રથમવાર શ્રીનાથદ્વારાના શ્રીનાથજી મંદિર પરિસરમાં ફોટાઓ પાડવાની આજ્ઞા મળી હતી. તે અલભ્ય તસ્વિર સંગ્રહને અનુરૂપ શ્રીગોવર્ધન પર્વત પર શ્રીનાથજી પ્રભુના પ્રાગટ્યથી લઇને શ્રીનાથદ્વારામાં બિરાજ્યાં ત્યાં સુધીની પ્રમાણિત ઐતિહાસિક માહિતી સુવિખ્યાત પુરાતત્વવિદ, સાક્ષર સ્વ.પૂ.પા.શ્રી કેશવરામ કાશીરામ શાસ્ત્રીજી (શ્રી કે.કા. શાસ્ત્રી)એ પુરી પાડી હતી. વર્તમાન યુગના પુષ્ટિમાર્ગની બે મહાન વિભૂતિઓની પ્રેરણા અને સાનિધ્યમાં આકાર પામેલ એવા સુભગ સમન્વય સંકલિત આકૃતિ શ્રીનાથદ્વાર ૩૪ વર્ષે સાકાર થઇ તેનો આનંદ વ્યક્ત કર્યો હતો.

મૂળ માંગરોળ, સોરઠના વતની અને ઉત્તર-પૂર્વ આફ્રિકાના રાતા સમુદ્ર કિનારાના ઇરિટ્રિયા અને ઇથિયોપિયામાં ઉછેરસહ કર્મભૂમિ. પિતાશ્રી સ્વ. ભગવતીદાસ ગોવિંદદાસ દેસાઇ માંગરોળની વૈષ્ણવ સુબોધિની પાઠશાળાના આચાર્ય પૂ.પા.કાશીરામ કરસનજી શાસ્ત્રીજીના વિદ્યાર્થી. તેમના પુત્ર શ્રી કેશવરામ શાસ્ત્રીજી બાંભણિયાના સહઅધ્યાયી અને સહઆચાર્ય હતા. વીસ વરસની યુવાવયે ૧૯૩૧માં તેઓએ કાયમને માટે આફ્રિકાને કર્મભૂમિ બનાવી રહ્યાં હતા. પુત્ર પ્રવીણના ઉછેરમાં અરબી સંસ્કાર વચ્ચે ઇટાલિયન કેથોલિક મિશનરીઝની પ્રાથમિક તાલીમમાં પિતાની સંસ્કૃત અને ગુજરાતી ભાષા-સાહિત્યનો પ્રગાઢ પ્રભાવ રહેલો છે. માતૃભાષાના મૂળમાં રહેલ દેવભાષાના પાયાસમાન વ્યાકરણ અને ભાષાશાસ્ત્ર માટેના આગ્રહે સાહિત્ય, ઇતિહાસ અને સંશોધનો પ્રત્યેના જ્ઞાન સાથેની રૂચી તેમના કાર્યક્ષેત્રના વારસામાં ભળ્યાં છે. પિતાની એ અણમોલ શિક્ષા અને દીક્ષા અને પ્રેરણાએ પ્રવીણભાઇના ચાર દાયકાના સુદીર્ઘ લેખનકાર્યને બળ પુરૂ પાડ્યું છે.

શ્રીનાથદ્વાર પુસ્તિકાને ઓજસવંતો બનાવવા માટે તેના નાના લેખન માટે પણ વિપુલ અભ્યાસ કરવો પડ્યો છે. તેમાં પાયામાં પૂ.કેશવરામકાકાની સંશોધનાત્મક આકૃતિ સમાયેલી છે. જાળવવા જેવા શ્રીનાથદ્વારા તથા મંદિર પરિસરના વિરલ દ્રશ્યોના ફોટાઓથી કૃતિને લાક્ષણિક બનાવવાના સ્વપ્નને સાકાર કરવામાં તેમના બન્ને પુત્રો રવિ અને શશિની સહ્રદયતાપૂર્વકના આગ્રહ અને પરિશ્રમે મુખ્ય ભાગ ભજવ્યો છે. શ્રીનાથદ્વારા દ્વારા શ્રી પ્રવીણભાઇ દેસાઇના માતા-પિતા પ્રત્યેની ભાવાંજલિમાં આત્મિયતાપૂર્વક, સહ્રદયતાથી જોડાયેલા શુભચિંતક શુભેચ્છકો સર્વશ્રી કુમુદ ગ્રોસરિના શ્રી કલ્પેશભાઇ-ગીતાબહેન પટેલ, સનિવેલ હિન્દુ મંદિર એન્ડ કોમ્યુનિટી સેન્ટરના આદ્યસ્થાપકો શ્રી નારણજીભાઇ વિઠ્ઠલભાઇ પટેલ, શ્રી રાજ ભાનોટ, હોટેલ-મોટેલ ઉદ્યોગપતિ શ્રી સુરેશભાઇ કરસનભાઇ પટેલ તથા શ્રીમતી ઉર્વશિબહેન પટેલ, શ્રી રમેશચંદ્ર પ્રાણજીવનદાસ શાહ-(કાળુભાઇ) અને રતિભાભી, સંકરા આઇ ફાઉન્ડેશનના સક્રિય કાર્યકર શ્રી રાજેષભાઇ કોટડીયા, ન્યુજર્સિના શ્રી ભૂપેન્દ્રભાઇ આનંદપરા, ગુજરાત દર્પણના સંચાલક-તંત્રીશ્રી સુભાષભાઇ એમ. શાહ, શ્રી કલ્પેશભાઇ શાહ પરિવાર-(ન્યુજર્સિ), વિમા એજન્ટ શ્રી રવિન્દ્રભાઇ શાહ, મોર્ગનહિલ, કેલિફોર્નિયાના શ્રી કાંતિભાઇ એસ. પટેલ, શ્રીમતી કલાબહેન પટેલનો ઋણ સ્વીકાર સાથે સૌની ભલી લાગણી બદલ ખૂબ જ આભાર વ્યક્ત કર્યો હતો.

શ્રીનાથદ્વાર પુસ્તિકા નિશુલ્ક મેળવવા માટે પ્રવીણભાઇ દેસાઇ (૪૦૮)-૬૨૭-૭૪૦૨ અથવા desaipravin@hotmail.com સંપર્ક આવકાર્ય છે, તેમ રવિ દેસાઇએ એક યાદિમાં જણાવ્યુ છે.